વોર્ડ નં. ૪માં બન્ને પક્ષે ઉમેદવારોની લાઈન લાંબી

મહાનગરનો મહાસંગ્રામ - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૪ એ ગાંધીનગરનો મધ્યમવર્ગીય સમાજની વસાહતનો બનેલો વોર્ડ છે. સે. ૨૩, ૨૪ અને ૨૫ નો બનેલો વોર્ડ ૧૫૮૪૬ મતદારો ધરાવે છે. જેમાં ૮૨૪૬ પુરૂષ મતદારો અને ૭૬૦૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. હાલ આ વોર્ડના સમાવિષ્ટ વિસ્તારોમાં ૪ સીટીંગ કોર્પોરેટરો છે. જેમાં સર્વશ્રી પ્રકાશભાઈ પટેલ, સુરેશભાઈ મહેતા, પ્રવિણાબેન દરજી અને સંદિપ જ્યોતિકર છે. નવા સીમાંકનથી બનેલા વોર્ડમાં બન્ને મહિલા બિન અનામત વર્ગમાંથી ઉમેદવારી કરી શકશે. જ્યારે ૧ પુરૂષ બિન અનામત વર્ગમાંથી અને ૧ અનુસૂચિત જાતિમાંથી પ્રતિનિધિત્વ થશે.

વોર્ડ નં. ૪ એટલે અગાઉ વોર્ડ નં. ૧માંથી છુટો પડેલો સે. ૨૩નો વિસ્તાર અને વોર્ડ નં. ૨૪, ૨૫ અગાઉ પણ સાથે જ હતા. હાલમાં વર્તમાન ભાજપના કોર્પોરેટર ચારેચાર દાવેદાર છે. વર્તમાન કોર્પોરેટર અને જાણીતા બિલ્ડર પ્રકાશભાઈ પટેલ, વર્તમાન કોર્પોરેટર અને બ્રહ્મસમાજના અગ્રણી સુરેશભાઈ મહેતા, મહિલા કોર્પોરેટર પ્રવિણાબેન દરજી અને અનુસૂચિત જાતિનું પ્રતિનિધિત્વ કરતાં સંદિપ જ્યોતિકર પુનઃ દાવેદારી કરી રહ્યા છે. આ ઉપરાંત ભાજપમાં અગ્રણી વેપારી સુભાષભાઈ પટેલ, દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના મેનેજીંગ ડીરેક્ટર અને સામાજિક અગ્રણી શ્રી રાજેશ પંચોલી, ધારાસભ્ય પુનમભાઈ મકવાણાના પુત્ર હિતેશભાઈ મકવાણા, સામાજીક કાર્યકર રતનસિંહ (દેવીકૃપાવાળા), માલધારી સમાજના અગ્રણી રાજુભાઈ દેસાઈ અને ધીરૂભાઈ ડોડિયા પણ પ્રબળ દાવેદાર છે. જ્યારે મહિલા બેઠકો માટે દર્શનાબેન ઠક્કર અને કૈલાશબેન લખવાળા દાવેદારીમાં મક્કમ છે. ભાજપમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જટિલ બનશે એમ વિસ્તારમાં ચાલતી ચર્ચાઓ ઉપરથી ફલિત થાય છે.

કોંગ્રેસ પક્ષમાં પણ દાવેદારોની સંખ્યા વધતી જાય છે. જાણીતા યુવા કાર્યકર અને એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અંકિત બારોટની દાવેદારી મોખરે છે. આ ઉપરાંત જાણીતા સામાજીક કાર્યકર જીતેન્દ્રસિંહ વાઘેલા, માનાજી મારવાડી અને પાટીદાર અગ્રણી મેહુલ પટેલ પણ વિશ્વાસપૂર્વક દાવેદારી કરી રહ્યા છે. ૨ મહિલા બેઠકો માટે પણ પક્ષમાં નામો ચર્ચાય છે. જેમાં જિલ્લા પંચાયતની રાંધેજા બેઠક પર દાવેદારી કરનાર મહિલા અગ્રણી નયનાબેન દવે, મીનાબેન મેરૂસિંહ ચાવડા અને સુભદ્રાબેન દરજીના નામો ચર્ચામાં છે. અનામત બેઠકમાં પ્રતિનિધિત્વ કરતા હેનિશ રાઠોડ અને મયુર મહેતા આતુર છે. આ ઉપરાંત કેટલાક છેલ્લી ઘડીએ નામો સ્પર્ધામાં આવે તેવી ચર્ચા પણ ૨૪ના બજારમાં ચાલે છે.

ભાજપમાં વર્તમાન ચાર કોર્પોરેટરો દાવેદાર હોવાથી પસંદગી જટિલ બનશે : કોંગ્રેસમાં પણ કસાયેલા કાર્યકરો મેદાનમાં ઉતરવા માંગે છે

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

કાનજી... રોજ પાંચ સુગંધીત અગરબત્તી અને પાંચ મચ્છર અગરબત્તી કરું છું... પણ, તમે આવતા નથી અને, મચ્છર જતા નથી...!!

બોરીજ ગામની મહિલાઓ દ્વારા એસપીને આવેદનપત્ર સુપ્રત કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક આવેલા બોરીજ ગામના પાંચ યુવાનોએ ભેગા મળીને તાજેતરમાં ગામના જ બે યુવાનોને સેક્ટર-૨૧ ખાતે જુની અદાવતમાં ઢોર માર માર્યો હતો. આ મામલે ગામની મહિલાઓ દ્વારા તટસ્થ તપાસની માંગ સાથે ગાંધીનગર એસપીને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

બોરીજ ગામના ડાભીવાસમાં રહેતા ૨૦ વર્ષિય રવીરાજ નાયી અને ગૌરાંગસિંહ ડાભી સેક્ટર-૨૧ ખાતે ચંદન એન્ટરપ્રાઈઝ પાસે ઉભા હતા તે દરમ્યાન ગામના જ પાંચ યુવકોએ ભેગા મળીને બે યુવકોને ઢોર માર માર્યો હતો. આ કેસમાં ઘાયલ યુવાનોના પરિવારજનો તેમજ ગામની મહિલાઓ એકત્ર થઈને આ મામલે તટસ્થ તપાસ થાય તે અંગેનું આવેદનપત્ર ગાંધીનગર જિલ્લા પોલીસવડાને આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસનું આવેદનપત્ર : નાની બચતના વ્યાજના દરોમાં ઘટાડો કરવા સામે કોંગ્રેસ દ્વારા ધરણાં યોજાયા હતા. ધરણાંના અંતે કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સામાન્ય અને મધ્યમ વર્ગના બચતકારોને પડતી હાલાકી દૂર કરવા રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરને બચતકારોનો અવાજ કેન્દ્ર સરકારને પહોંચાડવા અનુરોધ કરાયો હતો.

ખૂણે ખાંચરેથી...

- આજે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોરના પ્રમુખ તરીકેના સત્તાવાર નિવાસસ્થાને સભ્યો ડિનર ડિપ્લોમસી માટે મળ્યા હતા.
- જિલ્લાના મહુડીમાં ૭ કેસ ઓરીના મળી આવતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે.
- આજે જિલ્લા પંચાયત અને ગુડાની બજેટ બેઠકો હતી. તો વિધાનસભામાં નાણાં વિભાગની માંગણીઓ પર ચર્ચા હતી જે એક યોગાનુયોગ છે.
- ગાંધીનગર શહેરમાં ચૂંટણીને લઈ રાજકીય પક્ષોમાં બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.
- જિલ્લામાં ગરમીની તીવ્રતા વધતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- વિધાનસભા કવર કરતા પત્રકાર મિત્રોએ આજે સ્વખર્ચે લાડુ દાળભાત શાક વાલનું ભોજન લીધુ હતુ.
- ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની આજે મહત્વની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીની ઘોષણા એકાદ-બે દિવસમાં થશે તેને લઈ નગરમાં રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

પાક વિમા પોલિસી જાહેર કરી ખેડૂતોને રાહત અપાઈ

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ ખેડુતોને સંબોધતા કહ્યુ હતુ કે કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે નવી પાક વીમા પોલીસી જાહેર કરી તે આઝાદી પછીની પ્રથમ ઘટના છે. રૂપાણીએ કહ્યુ કે મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે ખેડુતોનો વિચાર કરીને ખેડુત પોતાની ખેતીને સમૃદ્ધ કરે તે માટે એક ટકાના વ્યાજ દરની લોનની સુવિધા આપી છે.

આબેડકર રેલી : બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે આંબેડકર રેલીનું આયોજન કરાયું હતું. કેપીટલ રોટરી ક્લબ અને આદર્શ નિવાસી શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રેલીમાં રોટરી ક્લબના સભ્યો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ચોથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૪મી એપ્રિલને રવિવારના રોજ સવારના ૭.૦૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમિયાન ચોથા સમુહ યજ્ઞોપવિતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞોપવિત કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩મી એપ્રિલને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે રાસ ગરબા યોજાશે. અને બીજા દિવસે રવિવારના રોજ ૨૫ બટુકો યજ્ઞોપવિત વિધિવત ધારણ કરશે. ૩૧ શાસ્ત્રોકત બ્રાહ્મણો અને વિદ્વાન આચાર્ય સાથે સમુહ યજ્ઞોપવિતની વિધિ કરવામાં આવશે. આ ઉપરાંત સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન સન્માન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞોપવિત ધારણ કરનાર બટુકોને આશીર્વાદ આપવા ભુવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્ય ઘનશ્યામજી મહારાજ પધારશે.

વિસનગરા નાગર પરિવાર દ્વારા નર્મદેશ્વર મહાદેવ મંદિરનો ૨૩મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

શ્રી વિસનગરા નાગર પરિવાર દ્વારા આગામી તા. ૨૦મી એપ્રિલને બુધવારના રોજ ૨૩મા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવ નિમિત્તે નર્મદેશ્વર મહાદેવ, સેક્ટર-૧૭ ખાતે હાટકેશદાદાની પધરામણી, રૂદ્રાભિષેક શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

શ્રી હાટકેશ દાદાની પધરામણી પરિવારજનોના ઘરે કરવામાં આવશે. દાદાની પધરામણી કરાવવા ઈચ્છુકોએ તા. ૧૦મી એપ્રિલ સુધીમાં પ્રમોદચંદ્ર મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૦૪/૨, સેક્ટર-૨-ડી, મહેશભાઈ રાવલ પ્લોટ નં. ૧૨૨૨/૨, સે. ૭-ડી, કૌશિકભાઈ રાવલ ૨૨૯, સહકાર કોલોની, સે. ૨૫, ભાગવતીપ્રસાદ રાવલ ૧૫, વૃંદાવન પાર્ક, સે. ૨૨ ખાતે પોતાના નામ નોંધાવવાના રહેશે.

રૂદ્રાભિષેકનો કાર્યક્રમ બપોરે ૧૨.૦૦ કલાકે અને સામાન્ય સભા સાંજે ૪.૩૦ કલાકે મળશે. આ ઉપરાંત આ વર્ષે પણ પરંપરાગત રીતે હાટકેશદાદાની શોભાયાત્રા સાંજે ૫.૦૦ કલાકે નર્મદેશ્વર મહાદેવ સેક્ટર-૧૭થી પ્રસ્થાન કરી ૧૭/૨૨ સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટર, પંચદેવ મંદિર થઈ નર્મદેશ્વર મહાદેવ મંદિરે પરત પહોંચશે. આ શોભાયાત્રામાં દરેક સભ્ય પીતાંબર પહેરી જોડાશે. તેમજ આ સમગ્ર શોભાયાત્રાનું આયોજન મયંકભાઈ દવે, ધર્મેન્દ્રભાઈ રાવલ, ગજાનનભાઈ મહેતાએ કર્યું છે.

ઝુંડાલ સર્કલ પાસે સાબરમતી ગેસ પાઈપલાઈનમાં લીકેજ થતા આગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીકના ઝુંડાલ સર્કલ પાસેથી પસાર થતી સાબરમતી ગેસની પાઈપલાઈનમાં ગેજ લીકેજ તથા આગ લાગી હતી.

આગની ઘટના બનતા તાબડતોબ અમદાવાદ, ગાંધીનગર અને ઓએનજીસીની ફાયર ફાયટરની ટીમો બનાવ સ્થળે દોડી આવી હતી અને ગણતરીની મિનિટોમાં ગેસ લિકેજ સ્થળે જઈ આગની ઉપર પાણીનો મારો ચલાવા આગને કાબુમાં લઈ મોટી જાનહાની થતી અટકાવી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમના ફાયર ઓફિસર મહેશ મોઢે પોતાની ટીમ સાથે તુરંત બનાવ સ્થળે દોડી જઈ કાર્યવાહી હાથ ધરી હતી.

લાઈફ અવેર પ્રવિણજીએ વધુ બેને ડૂબતા બચાવ્યા

અમદાવાદના અલગ અલગ વિસ્તારના બે યુવાનોએ દેવુ થઈ જતા ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં લીંબડીયા કેનાલ પાસે આજે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમને કેનાલમાં કુદતા જોઈ જતા કેનાલના સિક્યુરિટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરે હિંમતભેર શૌર્ય દાખવતા બંનેને જીવતા બહાર કાઢી તેમના જીવ બચાવ્યા હતા. આ સમયે એકત્રિત થયેલા ટોળાએ ''રીયલ લાઈફ અવેર'' પ્રવિણજી ઠાકોરની હિંમતને દાદ આપી તેમને બિરદાવ્યા હતા.

અગત્યના દસ્તાવેજો સાથે પાકીટ ખોવાયું

ગાંધીનગર, તા. ૨૮

આજે શહેરના એક રહીશ શેતલભાઈ પંડ્યા ઘ-૨ સર્કલ પાસેના સાઈકલ શેરીંગ કેન્દ્ર પરથી સાઈકલ ભાડે લઈ ઘ-રોડ પર થઈ વાયા મુખ્ય પોસ્ટ ઓફિસથી સેક્ટર-૧૧માં બીએસએનએલ કાર્યાલય ખાતે જરૂરી કામે જઈ રહ્યા હતા. આ સમયે રસ્તામાં ક્યાંક તેમનું પાકીટ પડી જવા પામ્યું છે. આ પાકીટમાં તેમની બેંકનું એટીએમ કાર્ડ, પાનકાર્ડ સહિત ખૂબજ અગત્યના કેટલાક દસ્તાવેજો પણ સામેલ છે. જેથી તેઓ પરેશાનીમાં મુકાયા છે. આ પાકીટ જે કોઈને મળે તે જો પરત કરશે તો તેને યોગ્ય વળતર આપવાનું જણાવતા તેમણે પાકીટ પરત કરવા તેમના મોબાઈલ નંબર - ૯૮૨૫૩-૦૪૯૦૦ પર સંપર્ક સાધવા અનુરોધ કર્યો છે.

ગૌ રક્ષા એકતા સમિતિ દ્વારા કલેકટરને આવેદનપત્ર

વિવિધ મુદ્રાઓ અંગે સરકાર હકારાત્મક વલણ નહી દાખવે તો આગામી ૧૫ એપ્રીલ થી ગૌ રક્ષા સમિતિ ઉગ્ર આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૮

ગૌ, ગોચર ગોપાલક, પશુપાલન અને ગૌ રક્ષા ટ્રસ્ટ શાખા ગાંધીનગર જિલ્લા અને ગૌ રક્ષા સમિતિના નેજા હેઠળ ગૌ માતાને

લગતા વિવિધ મુદ્રાઓને લઈ આજે ગાંધીનગર જિલ્લા કેલકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. જેમાં ગૌ માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરો, ગભરૂભાઈને શહીદ ગૌ રક્ષકનો દરજ્જો મળે, ગૌચર ઉપર દબાણ દુર કરવામાં આવે સહિતના મુદ્રાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નો અંગે સરકાર દ્વારા આગામી ૧૫ એપ્રીલ સુધીમાં હકારાત્મક વલણ નહી દાખવામાં આવે તો ગૌ રક્ષા એકતા સમિતિ ગુજરાતના તમામ હિંદુ સંગઠનો તેમજ સાધુસંતોનું સમર્થન લઈ ઉગ્ર આંદોલન રાજ્યભરમાં કરવામાં આવશે.

ગૌ રક્ષા એકતા સમિતિ અને ગૌ, ગોચર ગોપાલક, પશુપાલન અને ગૌ રક્ષા ટ્રસ્ટ દ્વારા ગૌ માતાને લગતા પડતર પ્રશ્નોને લઈ જિલ્લા કલેકટરને રજુઆત કરી છે. આ પ્રશ્નોમાં ગૌ રક્ષકોને સુરક્ષા આપવામાં આવે, તેમજ ગૌ રક્ષકો પર કરવામાં આવતા ખોટા કેસોની તપાસ પોલીસ ઉચ્ચ અધિકારીને સોંપવામાં આવે, રાજ્ય સરકાર દ્વારા ગભરૂભાઈના પરિવારને શું સહાય કરવામાં આવે તેની સ્પષ્ટતા સરકાર દ્વારા કરવામાં આવે, ગૌ-રક્ષકો સાથે પોલીસ દ્વારા કરવામાં આવતુ અપરાધી જેવું વર્તન બંધ કરવામાં આવે, સરકાર દ્વારા ગૌ રક્ષાના મુદ્દે અમારા પ્રતિનિધી મંડળ સાથે ચર્ચા - વિચારણા કરી પંજાબ મોડલ સરકારી ગૌ રક્ષા દળ બનાવવામાં આવે, ગૌ -વંશની કતલ અને ગેરકાયદેસર હેરાફેરીની સજામાં સુધારો કરી આરોપીને ૧૦ વર્ષની સજા કરી કડક કાયદો બનાવી ઝડપી અમલ કરવામાં આવે, રાજયમાં ગૌચર ઉપરના દબાણ દુર કરવામાં આવે, એસપીસીએ ને તાત્કાલીક ધોરણે અમલમાં લેવામાં આવે, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ગુજરાતને તાત્કાલીક અમલમાં લેવામાં આવે, ગૌ-રક્ષકોને એનિમલ એકટ હેઠળ વિશેષ પોલીસ અધિકારી તરીકે નિમણુંક કરવી, ગૌ માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરો સહિત ગૌ-સેવા ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષના રાજીનામાની પણ માંગ કરવામાં આવી છે. પડતર પ્રશ્નોનો યોગ્ય સમયમાં નિવેડો નહી આવે તો ટ્રસ્ટના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ગણેશભાઈ રબારી, કૌશલ ઠક્કર સહિત ટ્રસ્ટના હોદેદારો અને ગૌ રક્ષા એકતા સમિતિ ગુજરાત દ્વારા આગામી ૧૫ એપ્રલીથી રાજ્યભરમાં ઉગ્ર આંદોલન કરવમાં આવશે તેમ જણાવ્યું છે.

૧ એપ્રિલે પોલીસ મેડલ વિજેતા પોલીસકર્મીઓને મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત કરાશે

રાજય પોલીસમાં ઉત્કૃષ્ટ સેવા અદા કરનાર અને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ પ્રાપ્ત કરનાર ૧૦૧ પોલીસ કર્મીને ૧ એપ્રિલના રોજ મુખ્યમંત્રીના હસ્તે મહાત્મા મંદિર ખાતે મેડલ આપી સન્માનિત કરવામાં આવશે. રાજય પોલીસ દળમાં પોતાનો જીવ જોખમમાં રાખી સતત કાર્યરત અને ઉત્કૃષ્ટ સેવા આપનાર પોલીસ અધિકારી કર્મચારીને રાષ્ટ્રપતિ દ્વારા દર વર્ષે એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩-૨૦૧૪ના કુલ ૧૦૧ જેટલા પોલીસ કર્મીઓને મેડલ આપવામાં આવ્યા ન હતા જેથી ત્રણેય વર્ષના મેડલો ૧ એપ્રિલના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આપવામાં આવશે.

વિડીયો કોન્ફરન્સમાં આસારામે કેસને ઝડપી ચલાવવા માટે કોર્ટ સમક્ષ માંગણી કરી

ગાંધીનગર તા ૨૮

સુરતની મહીલા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આસારામ હાલ જોધપુરની જેલમાં છે.ત્યારે આ કેસમાં આજે ગાંધીનગરની એડિશ્નલ કોર્ટમાં આસારામને વિડિયો કોન્ફરન્સથી રજુ કરવામાં આવ્યા હતા.પત્ની સહીત આરોપીઓની પ્રત્યેક્ષ હાજરીમાં કેસનો ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો. આગામી તા ૧૩ના રોજ વધુ સુનાવણી દરમિયાન પોસીસ આસારામ સામેના સંયોગિક પુરાવાઓ પણ કોર્ટ સમક્ષ રજુ કરશે.

મોટેરા આશ્રમમાં સુરતની મહીલા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આસારામ હાલ જેલમાં છે.જયારે રાજસ્થાનનાં કીશોરી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આસારામ જોધપુર જેલમાં છે. મોટેરા આશ્રમમાં બળાત્કારના કેસમાં તેમની પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતી સહીત અન્ય સાધકોની પણ સંડોવણી હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ હતુ. આ કેસ સંદર્ભે ગાંધીનગરની કોર્ટમાં બન્ને પક્ષો વચ્ચે દલીલો પણ થઈ રહી છે. કોર્ટમાં ચાર્જફ્રેમ માટે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં જોધપુર જેલ અધિક્ષક દ્વારા આસારામને ગાંધીનગર કોર્ટમાં રૂબરૂ હાજર નહીં રાખી શકાય તેવા પત્ર પણ રજુ કરવામાં આવ્યો હતો. જયારે જેલમાં વિડીયો કોન્ફરન્સની સુવિધા હોવાનુ પણ જેલ અધિક્ષકે જણાંવ્યુ હતુ. ત્યારે આવા સંજોગોમાં આસારામને કોર્ટમાં વિડીયો કોન્ફરન્સથી રજુ કરવા માટે નક્કી કરવામાં આવ્યુ હતુ.

આજે ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં આસારામ સામેના બળાત્કારના ગુન્હાનુ ચાર્જફ્રેમ કરવામાં આવ્યુ હતુ. જેમાં આસારામ તેમની પત્ની પુત્રી સહીત અન્ય આરોપીઓ પણ હાજર રહયા હતા. જોધપુર જેલમાંથી વિડીયો કોન્ફરન્સથી હાજર રહેલા આસારામે ઉંમરને ધ્યાને લઈ આ કેસને ઝડપથી ચલાવવા માટે પણ માંગણી કરી હતી.

ગાંધીનગર કોર્ટમાં આસારામ સામે ચાર્જફ્રેમની કાર્યવાહી પુર્ણ

જિલ્લા જવેલર્સ એસોસીએશનના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા જવેલર્સ એસોસીએશન દ્વારા હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં એસોસીએશનના પ્રમુખ તરીકે અલ્પેશભાઈ સોની, ઉપપ્રમુખ પદે મોહનભાઈ સોની, લલિતસિંહ ઠાકોર, અલ્પેશભાઈ વ્યાસની નિમણુંક કરાઈ હતી તેમજ મંત્રી પદે શહેરાકુમાર સોની, મેહુલભાઈ મહેતા, ભરતભાઈ પટેલ અને રમેશભાઈ સોનીની વરણી કરવામાં આવી હતી. એસોસીએશન દ્વારા કુલ ૧૧ કારોબારી સભ્યોની નિમણુંક કરાઈ હતી.